## સંક્ષિપ્ત સમાચાર

### વટારિયાની UPL યુનિવર્સિટી ખાતે એલ્યુમની મીટ-2026 યોજાયો



ભરૂચ: UPL યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી ખાતે તા.4થી જાન્યુઆરીના રોજ UPL યુનિવર્સિટી એલ્યુમની મીટ-2026નુ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 200થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મિલન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. જે પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના પટાંગણમાં ટગ ઓફ વોર, ફનતાક્ષરી, બોક્સ ક્રિકેટ, હાઇડ એન્ડ સીક તેમજ નવતર અંદાજની મ્યુઝિકલ ચેર જેવી રમૂજી પ્રવૃત્તિઓમાં ભાગ લઈ પોતાના વિદ્યાર્થીકાળનાં સંસ્મરણો ફરી તાજાં કરી દીધાં હતાં. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા વહેંચાયેલી સંવેદનશીલ યાદોએ સમગ્ર વાતાવરણને ભાવુક બનાવી દીધું હતું. આ સંસ્થાના પ્રમુખ અશોક પંજવાણી, સચિવ અંગિરસ શુક્લા તથા પ્રોવોસ્ટ પ્રો.શ્રીકાંત વાઘએ દિશારૂપ વક્તવ્યથી કાર્યક્રમને વિશેષ ઊંચાઈ આપી હતી. સાથે જ યુનિવર્સિટીના અધ્યાપકો અને સ્ટાફની મિલનસાર અને આત્મીય ઉપસ્થિતિને વધુ યાદગાર બનાવ્યું હતું.

### લસણપોર ખાતે ટ્રેક્ટર અકસ્માતમાં તરકાણીના સગીરનું મોત

અનાવલ: અંબિકા તાલુકાના તરકાણી ગામના મેઘલા ફળીયામાં રહેતો આદિત્ય સંજય પટેલ (ઉં.વ.17) પોતાના ઘરેથી મોપેડ નં.(GJ-19-BL-9601) ઉપર દૂધ લેવા જઈ રહ્યો હતો. દરમિયાન અનાવલ-કુમકોતર રોડ ઉપર આવેલ લસણપોર ગામના વડ ફળિયા નજીક સામેથી આવતા ટ્રેક્ટર સાથે તેની અથડામણ સર્જાઈ હતી. અકસ્માતમાં આદિત્યને માથાના ભાગે ગંભીર ઇજા પહોંચતાં સારવાર મળે એ પહેલાં જ તેનું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ નંબર પ્લેટ વગરના ટ્રેક્ટર સાથે જોડાયેલા ટ્રેલરનો નં.(GJ-19-X-1289) હોવાનું જાણવા મળ્યું હતું. મૃતકના પિતાની ફરિયાદના આધારે મહુવા પોલીસે અજાણ્યા ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### કુદિયાણામાં ઝેર પીતાં શ્રમિકનું મોત

સાયણ: ઓલપાડના કુદિયાણા ગામે ઝેરી દવા ગટગટાવી ગયેલા ગામના એક શ્રમિકને મોત ભરખી ગયું છે. વિજય રમણભાઈ રાઠોડ (ઉં.વ.૪૦) ખેતમજૂરી કરતો હતો. જે બુધવાર જંતુ મારવાની ઝેરી દવા પી જતાં ઓલપાડ બાદ વધુ સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં ફરજ પરના ડોકટરે તપાસી વિજય રાઠોડને મૃત જાહેર કર્યો હતો.

### આંબોલીમાં યુવાન પાણીમાં ડૂબી ગયો

કામરેજ: કામરેજના આંબોલીમાં તાપી નદીના કિનારે ગુરુવારે સાંજે આશરે 5 કલાકે એક યુવક શકીન કાદીર શેખ (ઉં.વ.36) (રહે.,ઉમરવાડા, સુરત) નદી કિનારે આવેલા પાળા પર બનાવેલી દરગાહ પર જવાનો હોવાથી નદીના પાણીમાં પગ ધોવા માટે ગયો હતો. પરંતુ પગ લપસી જતાં નદીના ઊંડા પાણી ડૂબી ગયો હતો. આથી ફાયર વિભાગને જાણ કરાતાં કામરેજની ઈ.આર.સી.ની ટીમ દ્વારા પાણીમાં બિલાડી નાંખી યુવકના મૃતદેહને શોધી કઢાયો હતો.

### બારડોલી નગરની હુડકો સોસાયટીમાં પાણીપુરીની ભઠ્ઠી બંધ કરાવવા માંગ

બારડોલી: બારડોલીની હુડકો સોસાયટીના મકાન નં.127માં ગેરકાયદે રીતે પાણીપુરીની ભઠ્ઠી સળગાવવામાં આવી રહી છે અને નગરપાલિકાના તેમજ ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું હોવા અંગે ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે. હુડકો સોસાયટીમાં રહેતા સંજયભાઈ અરવિંદભાઈ ભંડારીએ કરેલી ફરિયાદમાં તેમણે માંગ કરી છે કે, આ ગેરકાયદે ભઠ્ઠીને કારણે સોસાયટીના રહીશોમાં સતત ભય અને અસુરક્ષાની લાગણી પ્રવર્તી રહી છે. અગાઉ પણ અનેક વખત મૌખિક સૂચના આપવામાં આવી હોવા છતાં કોઈ કાર્યવાહી થઈ ન હતી.

### વ્યારામાં લૂંટના ગુનામાં સંડોવાયેલો રાજસ્થાનનો વોન્ટેડ આરોપી ઝડપાયો

વ્યારા: તાપી એલસીબી અને પેરોલ ફ્લો સ્ક્વોડની ટીમે વ્યારા પોલીસ સ્ટેશનમાં લૂંટના ગુનામાં સંડોવાયેલા છેલ્લાં 6 વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો હતો. મળતી માહિતી મુજબ તાપી એલસીબી અને પેરોલ ફ્લો સ્ક્વોડની ટીમે ખાનગી રાહે બાતમીના આધારે તેમજ ટેક્નિકલ સર્વેલન્સના આધારે તપાસ હાથ ધરી વ્યારા પોલીસ સ્ટેશનમાં લૂંટના ગુનામાં છેલ્લાં 6 વર્ષથી વોન્ટેડ આરોપી જીતેન્દ્રપાલસિંહ ઉર્ફે જીતુ ભગવાનસિંહ રાજપૂત (ઉં.વ.32) (રહે.,રાજપૂત કા વાસ, થલવાડ, તા.સાયલા, જિ.જાલોર, રાજસ્થાન)ને અમદાવાદથી ઝડપી પાડી વધુ કાર્યવાહી માટે આરોપીને વ્યારા પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો.

### ખોલવડ કોલેજમાં ક્લસ્ટર રોજગાર ભરતીમેળો યોજાયો



કામરેજ: કામરેજ ચાર રસ્તા ખાતે આવેલી ખોલવડવાલા આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં બુધવારના રોજ "ક્લસ્ટર રોજગાર ભરતીમેળા"નું આયોજન કરવામાં આવ્યુ હતું. ક્લસ્ટર લેવલના રોજગાર ભરતીમેળામાં કુલ 26 જેટલી કંપનીઓએ ભાગ લીધો હતો, જેમાં ફ્લોટેક ટેકનો સ્માર્ટ, એલ&ટી ચેરિટેબલ ટ્રસ્ટ, અબાક્સ મેડિટેક પ્રા.લિ., કિરા ડાઈમ ટેક પ્રા.લિ., નાણાવટી ઓટોમોટિવ, આર.એસ. ઓટોમેશન, એક્સિસ બેંક, રાજહંસ ગ્રુપ, હરિ ક્રિષ્ના એક્સપોર્ટ પ્રા.લિ., એલ.આઈ.સી., બંધન બેંક વગેરે મુખ્ય હતી. જેમાં ટેક્નિકલ અને નોન ટેક્નિકલ બ્રાન્ચમાં કુલ 849 વેકેન્સી હતી. જેમાંથી 800થી વધુ નોકરી ઈચ્છુક ઉમેદવારોએ ઓનલાઈન અને ઓફલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી 417 ઉમેદવારોની પ્રાથમિક પંસદગી કરવામાં આવી હતી. આ પ્રસંગે રોજગાર કચેરી સુરતના મદદનીશ નિયામક પારૂલબેન પટેલ, ડિસ્ટ્રિક્ટ કેરિયર કાઉન્સેલર બિપીન માંગુકિયા અને તેમની ટીમ તથા આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખોલવડના આચાર્ય ડો.નીતિન એમ.શાહ તેમજ સમગ્ર ખોલવડ કોલેજના અધ્યાપકો તથા વર્ગ-3 અને વર્ગ-૪ ના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે કામરેજ તાલુકા પંચાયતના પ્રમુખ રેખાબેન પટેલ સહિત ભારતીય વિદ્યામંડળના પ્રતિનિધિ કેતન દેસાઈ, જિલ્લા યુવા વિકાસ અધિકારી હાજર રહ્યાં હતાં.

### માંડવીમાં સ્વેટર વિતરણ કાર્યક્રમ યોજાયો




માંડવી: નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના જન્મદિવસ નિમિત્તે માંડવીના રૂપણ ગામે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માંગરોળ ડિવિઝન અને One Step 4 Help ફાઉન્ડેશન દ્વારા વિદ્યાભારતી ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલયની આશ્રમ શાળામાં યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન, ધો.9થી 12ની વિદ્યાર્થીનીઓને સ્વેટરનું વિતરણ કરાયું હતું.

# રાજપીપળામાં મંદિરના રૂમમાંથી વાઘનાં ચામડાં અને નખ મળ્યાં

**40થી** વધુ ચામડાં તેમજ 133 જેટલા નખ મળી આવ્યાં





રાજપીપળા: રાજપીપળા નજીક આવેલા ધર્મેશ્વર મહાદેવ મંદિરના રિનોવેશન દરમિયાન એક સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મંદિરના સ્વર્ગસ્થ મહંતના બંધ રૂમમાંથી મોટી સંખ્યામાં શંકાસ્પદ વાઘના ચામડાં અને નખ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. વન વિભાગે આ મામલે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હાલમાં ધર્મેશ્વર મહાદેવ મંદિરના સમારકામનું કાર્ય ચાલી રહ્યું છે. આ દરમિયાન મંદિરના સ્વર્ગસ્થ મહંતના લાંબા સમયથી બંધ રૂમમાંથી તીવ્ર દુર્ગંધ આવતાં ટ્રસ્ટીઓનું ધ્યાન ગયું હતું. તપાસ કરતા રૂમમાં રહેલી વર્ષો જૂની એક પતરાની પેટીમાંથી વન્ય પ્રાણીનાં અવશેષો હોવાની શંકા ગઈ હતી. આ અંગે તુરંત રાજપીપળા રેન્જ વન વિભાગને જાણ કરવામાં આવી હતી.

રાજપીપળા રેન્જના RFO જીગ્નેશ સોની અને તેમની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

સરકારી પંચોની હાજરીમાં તપાસ હાથ ધરતા પેટીમાંથી આશરે 37 આખાં ચામડાં અને અન્ય ટુકડાઓ મળી કુલ 40થી વધુ ચામડાં તેમજ 133 જેટલા નખ મળી આવ્યા હતા. વન વિભાગે આ તમામ જથ્થો જપ્ત કરી કચેરીએ ખસેડ્યો છે.

#### સેમ્પલ મેળવી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવાની તજવીજ

RFO જીગ્નેશ સોનીના જણાવ્યા મુજબ પ્રાથમિક દૃષ્ટિએ આ ચામડા વાઘના હોવાનું જણાય છે. જો કે, તેની સચોટ પુષ્ટિ કરવા માટે સેમ્પલ મેળવીને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. વન વિભાગે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી તપાસ તેજ કરી છે. જો FSL રિપોર્ટમાં આ અવશેષો વાઘના હોવાનું સાબિત થશે, તો આ રેકેટમાં સામેલ અન્ય શખ્સો અને તેના મૂળ સુધી પહોંચવા માટે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# બોરખડી આશ્રમશાળાના 8 વિદ્યાર્થી ભાગી છૂટયા!

**શોધખોળ** બાદ હેમખેમ નજીકના ભાનાવાડી ગામમાંથી મળી આવ્યા



વ્યારા: વ્યારાના બોરખડી ગામે આશ્રમશાળાની ગંભીર બેદરકારી સામે આવી હતી. આશ્રમશાળામાં ભણતા 8 વિદ્યાર્થી શાળામાંથી કોઈને કંઈપણ જાણ કર્યા વગર ભાગી છૂટ્યા હતા. જેને કારણે આશ્રમશાળાના સંચાલકો દોડતા થયા હતા. આ બનાવમાં ભાગી છૂટેલા વિદ્યાર્થીઓની શોધખોળ આદરાઈ હતી. આશ્રમશાળામાંથી 8 વિદ્યાર્થી ભાગી ગયા હોવાની વિગતો સોશિયલ મીડિયામાં પણ વહેતી થઈ હતી. વિદ્યાથીઓ કોઈને કહ્યા વિના અચાનક ગુમ થયા બાદ નજીકના 3-4 કિ.મી. દૂર ભાનાવાડી ગામના કંસારીયા ફળિયામાંથી મળી આવતાં આશ્રમશાળાના સંચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો. સમગ્ર મામલાની જાણ પોલીસને થતાં પોલીસે દ્વારા આશ્રમશાળાનાં સંચાલકો સહિત વિદ્યાર્થીઓના વાલીઓનાં નિવેદનો લીધાં હોવાનું જાણવા મળ્યું હતું.

## ડભારી દરિયામાં ગેરકાયદે માછીમારી બદલ નોટિસ

**ભાવનગરનો** ટંડેલ ફિશરીઝ વિભાગની મંજૂરી લીધા વિના માછીમારી કરી રહ્યો હતો

સાયણ: મૂળ ભાવનગરના તળાજાનો વતની દિલીપ ઓધાભાઈ બારૈયા (ઉં.વ.૩૭) માછીમારીનો ધંધો કરે છે. દિલીપ બારૈયા ગત બુધવાર,તા.૭ના રોજ સાંજે ૪:૩૦ કલાકે ઓલપાડના કાંઠા વિસ્તારના ડભારી ગામના દરીયા કિનારે ખોડિયાર માતાના મંદિર ખાતેના લેન્ડિંગ પોઈન્ટ પરથી પોતાના કબજાની 'જય મહાકાલી માં'ના નામથી રજિસ્ટર્ડ નં.ઈન્ડિયા/જીજે-૦૪, એમ.એમ-૧૦૬વાળી હોડી લઈને દરિયામાં મચ્છી મારવા જઈ રહ્યો હતો. ત્યારે તેની પાસે ફિશરીઝ વિભાગની મંજૂરીનો આધાર પોલીસ તંત્રએ માંગતાં તે રજૂ કરી શક્યો ન હતો. આથી પોલીસે ફિશરીઝ વિભાગની મંજૂરી, ટોકન લીધા વિના કે ઓનલાઈન એન્ટ્રી કરાવ્યા વગર બિનઅધિકૃત રીતે દરિયામાં માછીમારી કરવા બદલ તેને નોટિસ ફટકારી હતી. આ મામલે કીમ પોલીસ સ્ટેશનના પીએસઆઈ દિનેશ ઝેડ.રાઠવાએ ઓલપાડ પોલીસ મથકમાં દિલીપ બારૈયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે આરોપી વિરુદ્ધ ગુજરાત મત્સ્યોધોગ નિયમો-૨૦૦૩ ના નિયમ ૭(૪)મુજબનો ભંગ કરી ગુજરાત મત્સ્યદ્યોગ (સુધારા) અધિનિયમ-૨૦૨૦ની કલમ-૨૧(૧)ચ મુજબ ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો. અનુજ જશવંત કરી રહ્યા છે.

# અંકલેશ્વરમાં આખલાનો કહેર શિંગડે ભેરવતાં પાંચ ઘાયલ

**પત્નીને** બચાવવા ગયેલા પતિ પર હુમલો, એક આઈસીયુમાં


પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના ગડખોલ વિસ્તારમાં રખડતાં ઢોરનો ત્રાસ હવે જીવલેણ બની રહ્યો છે. ગડખોલ ઐયપ્પા મંદિર પાસે મદમસ્ત આખલાએ મચાવેલા આતંકમાં કુલ ૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

દક્ષિણ ભારતીય દંપતી રિક્ષામાં બેસીને ઐયપ્પા મંદિરે દર્શન તથા ઉત્સવમાં ભાગ લેવા પહોંચ્યું હતું. રિક્ષામાંથી નીચે ઊતરતાં જ અચાનક આખલાએ હુમલો કર્યો હતો. મહિલાને જોરદાર ટક્કર મારી જમીન પર પછાડી દેતાં તે ગંભીર રીતે ઘાયલ થઈ હતી. પત્નીને બચાવવા ગયેલા પતિ પર પણ આખલાએ હુમલો કરી તેમને ફંગોળી દીધા હતા. સીસીટીવી ફૂટેજમાં આખલો મહિલાને પગમાં ખૂંદતો સ્પષ્ટ જોવા મળતો હતો. આ દશ્ય જોઈ આસપાસના લોકો અને બાઈકચાલકો મદદે દોડી આવ્યા હતા, પરંતુ આખલો વધુ ઉગ્ર બન્યો હતો. લોકોએ પાણી ફેંકી અને લાકડીઓ વડે ભગાડવાનો પ્રયાસ કર્યો છતાં આખલો રસ્તા પર દોડતો રહી લોકોને અડફેટે લેતો રહ્યો હતો. આખરે આશરે ૧૫ મિનિટ સુધી આખલાએ રસ્તા પર આતંક મચાવ્યો હતો. આ દરમિયાન ૫ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. તમામને હોસ્પિટલ ખસેડાયા હતા.

### કુકરમુંડામાં ટ્રેક્ટર-બાઈક અકસ્માતમાં એકનું મોત

કુકરમુંડા: કુકરમુંડાના જૂના આશ્રવા ગામની સીમ વિસ્તારમાં ટ્રેક્ટર અને મોટરસાઈકલ વચ્ચે થયેલા ગંભીર અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. ટ્રેક્ટર નંબર (MH-39-AJ-6159)નો ચાલક ગજાનંદભાઈ યશવંતભાઈ પાડવી (રહે. ગણેશ બુધાવલ, તા. તલોદા, જી. નંદુરબાર) પોતાના ટ્રેક્ટરમાં શેરડી ભરી બેદરકારીપૂર્વક હંકારી રહ્યો હતો. આ દરમિયાન સામે તરફથી આવી રહેલી સ્પ્લેન્ડર મોટરસાઈકલ નં.(GJ-19-AE-1195) સાથે ટ્રેક્ટરની ટક્કર થતાં બાઈક સવાર વાલ્યાભાઈ મનસેભાઈ પરાડકે (રહે.,ગવરિયા ગામ, તા.ધડગાંવ, જિ.નંદુરબાર)ને ગંભીર ઈજા પહોંચી હતી. ગંભીર ઈજાઓના કારણે વાલ્યાભાઈનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

# બોરદામાં પોલીસ હુમલા કેસમાં ત્રણ આરોપીઓ નિર્દોષ છૂટ્યા

**પૂરતા** પુરાવાના અભાવે અદાલતે શંકાનો લાભ આપી આરોપીઓને મુક્ત કર્યા

સોનગઢ: સોનગઢના બોરદા ગામે હોળીના મેળા દરમિયાન પોલીસ પર થયેલા હુમલાના કેસમાં સોનગઢ ન્યાયાલયે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. પૂરતા પુરાવાના અભાવે અદાલતે શંકાનો લાભ આપી આરોપીઓને મુક્ત કરવાનો આદેશ આપ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત તા.૨૧-૦૨-૨૦૨૪ના રોજ રાત્રે આશરે ૧૧:૩૦ કલાકે બોરદા ગામે બિરસામુંડા હાર્ટ પાસે હોળી મેળાના બંદોબસ્તમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.આર.ચૌધરી અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન બજાર વિસ્તારમાં કેટલાક ઈસમો અસામાજિક પ્રવૃત્તિ કરતા હોવાનું જણાતાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમિયાન કેટલાક ઈસમો ઉશ્કેરાઈ ગયા હતા અને પોલીસ ટીમ પર પથ્થરમારો કર્યો હતો.

આ હુમલામાં ફરિયાદી પોલીસ અધિકારીને છાતી, હાથ અને પીઠના ભાગે ઈજાઓ પહોંચી હતી, જ્યારે અન્ય પોલીસ કર્મચારીઓને પણ નાની-મોટી ઈજાઓ થઈ હતી. ઉપરાંત, ફરિયાદીની બ્રેઝા કાર (નં.GJ-16-AB-3335) ને પણ પથ્થરમારો કરી નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. આ બનાવ અંગે સરકારી ફરજમાં અવરોધનો ગુનો નોંધી IPC કલમ ૩૩૨, ૩૩૭, ૪૨૭, ૧૮૬ અને ૧૧૪ મુજબ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

કેસની સુનાવણી દરમિયાન આરોપી યશવંત વસાવા તરફે વકીલ આર.એન. ચૌધરી તેમજ આરોપી વિષ્ણુ વસાવા અને ગુલાબ વસાવા તરફે વકીલ અપૂર્વસિંહ પરમાર અને કૌતિક પટેલ હાજર રહ્યા હતા. બચાવ પક્ષના વકીલોની દલીલો અને રજૂ કરેલા પુરાવાઓને ધ્યાને લઈ, સોનગઢના ન્યાયિક મેજિસ્ટ્રેટે તા.૭-૧-૨૦૨૬ના રોજ ચુકાદો આપતા જણાવ્યું હતું કે આરોપીઓ વિરુદ્ધ પૂરતા પુરાવા ઉપલબ્ધ નથી. પરિણામે, શંકાનો લાભ આપી તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે.

### ફોકડીમાં પથ્થરની લીઝ મંજૂર કરવાની હિલચાલ સામે વિરોધ

નેત્રંગ: નેત્રંગ-રાજપારડી રોડ પર આવેલી ફોકડી ગ્રુપ ગ્રામ પંચાયતના ફોકડી અને વડપાન ગામ વચ્ચેની સીમમાં, ખાતા નં.૨૦૧ અને સરવે નં.૧૬ વાળી જમીનના નવા માલિક દ્વારા જમીનને બિનખેતી કરી પથ્થરની લીઝ શરૂ કરવાની હિલચાલ તેજ કરવામાં આવી છે. આ બાબતે સ્થાનિક આદિવાસી ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લીઝમાં થનારા રોજના બ્લાસ્ટિંગને કારણે ફોકડી, વડપાન અને ભોટનગરના રહીશોના સરદાર આવાસ સહિતના કાચા મકાનોને નુકસાન થવાની તેમજ પીવાના પાણીના સ્ત્રોત ઊંડાં ઊતરી જવાની ભીતિ છે.ગ્રામજનોએ નેત્રંગ મામલતદારને આવેદનપત્ર પાઠવી પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.



## ઝઘડિયામાં સેગ્રીગેશન પાર્કમાં કામ મુદ્દે વિવાદ

**ઝઘડિયા-**સુલતાનપુરા ગ્રામ પંચાયતમાં સફાઈ કામદારો અને વહીવટી તંત્ર સામસામે

**માત્ર** 160 રૂપિયાના વેતનમાં 5 કલાક કામ કરતા હોવાનો કામદારોનો દાવો, નોકરીમાંથી છૂટા કરવાની ધમકી આપ્યાનો આક્ષેપ

ભરૂચ: ઝઘડિયા તાલુકાની ઝઘડિયા-સુલતાનપુરા ગ્રુપ ગ્રામ પંચાયતમાં સફાઈ કામદારો અને પંચાયત વહીવટ વચ્ચે ગંભીર ગજગ્રાહ ઊભો થયો છે. પંચાયત દ્વારા સફાઈ કામદારોને નવા શરૂ કરાયેલા સેગ્રીગેશન પાર્કમાં કામ કરવા માટે ફરમાન જારી કરાતાં કામદારોએ તેનો સખત વિરોધ નોંધાવ્યો છે. સફાઈ કામદારોએ તલાટી અને સરપંચને ઉદ્દેશીને આપેલા પત્રમાં ગંભીર આક્ષેપ કર્યો છે કે, તેઓ છેલ્લાં 10 વર્ષથી વધુ સમયથી સેવા આપી રહ્યા છે અને તેમને દૈનિક માત્ર 160 રૂપિયા જેટલું નજીવું વેતન આપવામાં આવે છે.

પંચાયત દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે કામદારો માત્ર 1 કલાક જ કામ કરે છે, જેની સામે કામદારોએ સ્પષ્ટતા કરી છે કે ઝઘડિયાના વિવિધ વિસ્તારોમાં સફાઈ કરતા તેમને રોજ 3થી 5 કલાકનો સમય લાગે છે અને રવિવારે પણ તેમને કામ પર બોલાવવામાં આવે છે. બીજી તરફ પંચાયત દ્વારા ગત તા.6-1-2026ના રોજ કામદારોને નોટિસ આપી સેગ્રીગેશન પાર્કમાં કામ કરવા માટે તાકીદ કરવામાં આવી હતી. પંચાયતનું કહેવું છે કે, ડી.સી.એમ. કંપની અને પંચાયતના સંયુક્ત ઉપક્રમે આ પાર્ક શરૂ કરાયો છે, જ્યાં કામ કરવા બદલ કામદારોને હાલના મહેનતાણા કરતા વધુ રકમ ચુકવવામાં આવશે. જો કે, સફાઈ કામદારોનો આરોપ છે કે સેગ્રીગેશન પાર્કમાં અતિશય દુર્ગંધ મારતો કચરો આવતો હોવાથી ત્યાં કામ કરવું તેમના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

કામદારોએ લેખિતમાં જણાવ્યું છે કે, તેમને નોકરીમાંથી છૂટા કરી દેવાની મૌખિક ધમકીઓ આપવામાં આવી રહી છે.

પંચાયતે કામદારોને અલ્ટીમેટમ આપ્યું છે કે જો તેઓ આ નવા પ્રોજેક્ટમાં જોડાવા માંગતા ન હોય તો લેખિતમાં જાણ કરે. હાલમાં આ મામલે સફાઈ કામદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને તેમણે જે જૂની પદ્ધતિથી સફાઈ કામ કરે છે તે જ કામ પર ચાલુ રાખવા નમ્ર વિનંતી કરી છે.





## મોંમાં ફસાયેલી બરણીથી પીડાતા શ્વાનને બચાવાયો

**ભોલાવમાં** જીવદયા પ્રેમીઓ અને વન વિભાગે રેસ્ક્યુ કરી શ્વાનનો જીવ બચાવ્યો

ભરૂચ: ભરૂચ શહેરના ભોલાવ ગામમાં ધર્મનગર સોસાયટી નજીક એક શ્વાન છેલ્લા 21 દિવસથી મોંમાં પ્લાસ્ટિકની બરણી ફસાતાં ખાવા-પીવા વગર ગંભીર રીતે પીડાતું હતું. લોકોને જોઈને ભાગતું શ્વાન માટે તેનું જીવનું જોખમ ઊભું થયું હોય એમ લાગતું હતું. જીવદયા પ્રેમી સંસ્થા નેચર પ્રોટેક્શન ચેરિટેબલ ટ્રસ્ટની ટીમથે સ્થળ પર પહોંચી હતી. જો કે, વિસ્તાર ખુલ્લો અને ઝાડી-ઝાંખરીવાળો હોવાથી શ્વાન પકડાતું ન હતું. લગભગ 21 દિવસની ભારે જહેમત બાદ વન વિભાગના અધિકારીઓની મદદથી ગત રાત્રિએ રેસ્ક્યુ કરી શ્વાનના મોંમાં ફસાયેલી પ્લાસ્ટિક બરણી સફળતાપૂર્વક દૂર કરી હતી.

## બારડોલીમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ૧૦૨ કિલો જથ્થો જપ્ત કરાયો

બારડોલી: બારડોલી શહેરને સ્વચ્છ અને પ્રદૂષણ મુક્ત બનાવવાના સંકલ્પ સાથે નગરપાલિકા પ્રશાસન દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક વિરુદ્ધ કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ગુરુવારના રોજ પાલિકાની આરોગ્ય ટીમે શહેરના વ્યસ્ત સ્ટેશન રોડ વિસ્તારમાં આકસ્મિક દરોડા પાડી મોટી કાર્યવાહી હાથ ધરી હતી.

આરોગ્ય વિભાગની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી આ તપાસમાં સ્ટેશન રોડની વિવિધ દુકાનોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પર્યાવરણ માટે જોખમી એવા સિંગલ યૂઝ પ્લાસ્ટિકનો ઉપયોગ અને વેચાણ કરતા વેપારીઓ ઝડપાયા હતા. પાલિકાએ સ્થળ પરથી ૧૦૨ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કર્યો હતો અને નિયમ ભંગ કરનારા વેપારીઓ પાસેથી કુલ ૯,૫૦૦ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. પ્લાસ્ટિક મુક્તિની સાથે ગંદકી ફેલાવતાં તત્ત્વો સામે પણ તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. પાલિકા પ્રશાસને વેપારીઓ અને નાગરિકોને સિંગલ યૂઝ પ્લાસ્ટિકનો ત્યાગ કરવા અને કચરો હંમેશાં ડસ્ટબિનમાં જ નાંખવા અપીલ કરી છે. આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં આ પ્રકારની ચેકિંગ પ્રક્રિયા વધુ તેજ બનાવવામાં આવશે તેવી ચીમકી તંત્ર દ્વારા આપવામાં આવી છે.